


Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-28 ■ અંક-51 ■ તા. 29-12-2024 ■ સોમવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

# રાજ્યમાં આવતીકાલથી કાતિલ ઠંડી, ઉત્તર ગુજરાતમાં ગાઢ ધુમ્મસ સાથે માવઠાની શક્યતા



ગુજરાતમાં છેલ્લા બે દિવસ દરમિયાન ભરશિયાળે કમોસમી વરસાદ પડ્યો હોવાથી ખેડૂતોને પાક નુકસાનની ભીતિ વર્તાઈ રહી છે. રાજ્યમાં માવઠા બાદ હવે કાતિલ ઠંડીને લઈને હવામાન વિભાગે આગાહી કરી છે. જેમાં આગામી ૪ જાન્યુઆરી ૨૦૨૫ સુધી શુષ્ક હવામાનની શક્યતા છે. આ સાથે રાજ્યમાં આગામી ૨૪ કલાક દરમિયાન લઘુતમ તાપમાનમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શક્યતા હવામાન વિભાગે દર્શાવી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં માવઠા બાદ હવે આગામી દિવસોમાં ઠંડીમાં વધારો થશે. ઉત્તર ભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને ભારે અસર વર્તાઈ રહી છે. જેના કારણે જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષા થઈ રહી છે. આ દરમિયાન રાજ્યમાં ૨-૩ ડિગ્રી તાપમાનમાં ઘટાડો થવાથી ઠંડીનો ચમકારો વધશે.

રાજ્યમાં આવતીકાલથી ઠંડીમાં વધારો થવાની હવામાન વિભાગની આગાહી કરી છે, ત્યારે અમદાવાદ, ગાંધીનગર સહિતના મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના ભાગોમાં ઠંડીનું જોર વધશે. જ્યારે સાબરકાંઠા, બનાસકાંઠા સહિતના ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ સાથે કમોસમી વરસાદ પડી શકે છે.

## દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપને મોટો ઝટકો, મહાયુતિના સાથીએ ઉતાર્યા ૧૧ ઉમેદવાર




દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા અજિત પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (દ્ગઝ્રઁ)એ રણશિંગુ વગાડ્યું છે. અજિત પવારની પાર્ટી દ્ગઝ્રઁએ દિલ્હીમાં થનારી વિધાનસભા ચૂંટણીને લઈને તેમની પહેલી યાદી જાહેર કરી છે. આ યાદીમાં ૧૧ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. અજિત પવારના આ નિર્ણય ભાજપ માટે મોટો ઝટકા ગણી શકાય. કારણ કે, મહારાષ્ટ્રમાં દ્ગઝ્રઁ-ભાજપની ગઠબંધનની સરકાર છે, ત્યારે શું દિલ્હીની વિધાનસભાની ચૂંટણીમાં તેઓ ગઠબંધન નથી? બુરાડીથી રતન ત્યાકી, બાદલીથી મુલાયમ સિંહ, મંગોળ પુરીથી એમ. ચંદ, ચાંદની ચૌકથી ખાલિદ ઉર રહેમાન, બલ્લીમારાનથી મોહમ્મદ હારૂન, છતરપુરથી નરેન્દ્ર તંવર, સંગમ વિહારથી કમર અહમદ, ઓખલાથી ઈમરાન સૈફી, લક્ષ્મી નગરથી શ્રી નમા, સીમા પુરથી રાજેશ લોહિયા, ગોકળ પુરીથી જગદીશ ભગતને મેદાને ઉતાર્યા છે. નોંધનીય છે કે, ૭૦ સભ્યપદ દિલ્હી વિધાનસભાની ચૂંટણી ફેબ્રુઆરીમાં થવાની છે. મહત્ત્વની વાત એ છે કે, દ્ગઝ્રઁની યાદીમાં ચાર મુસ્લિમ ઉમેદવારોને સ્થાન આપવામાં આવ્યું છે.

## ભૂપેન્દ્રસિંહ ઝાલાની પૂછપરછમાં મહત્ત્વના ખુલાસા, દરરોજ ખરીદતો હતો નવા સીમ કાર્ડ

ગુજરાતભરમાં જબરદસ્ત ખળભળાટ મચાવનારા રૂ. ૬૦૦૦ કરોડના બીઝેડ ગ્રૂપના કૌભાંડ કેસના મુખ્ય આરોપી ભૂપેન્દ્ર સિંહ ઝાલાને ૩૪ દિવસ બાદ ઝડપી પાડવામાં આવ્યો છે. આ કેસમાં છેલ્લા એક મહિનાથી એક પછી એક મોટા ખુલાસા થઈ રહ્યા છે. શુક્રવારે મહેસાણાના દવાડા ખાતે આવેલા ફાર્મ હાઉસમાંથી ભૂપેન્દ્ર સિંહ ઝાલાની ધરપકડ બાદ પૂછપરછમાં મોટા ખુલાસા થયા છે.ચોંકાવનારી વાત એ છે કે તે અરવલ્લી થઈને મધ્યપ્રદેશ ભાગી ગયો હતો અને ત્યારબાદ રાજસ્થાન ગયો હતો અને ત્યારબાદ તે બનાસકાંઠા અને મહેસાણા પહોંચ્યો હતો. ભારતના અલગ અલગ રાજ્યો અને જિલ્લામાં નાસતો ફરતો હતો. આ દરમિયાન તે વિવિધ હોટલો અને ફાર્મ હાઉસમાં રોકાયો હતો. એટલું જ નહીં, પોલીસ ધરપકડથી બચવા માટે તે દરરોજ નવા સીમ કાર્ડ ખરીદતો, પરિવાર અને મળતીયા સાથે વાતચીત કરતો હતો. ભૂપેન્દ્ર સિંહ ઝાલા કોના સંપર્કમાં હતો તે મામલે પૂછપરછ કરાઈ રહી છે. ભૂપેન્દ્ર સિંહ ઝાલાને આશરો આપનાર કિરણ સિંહ અને તેની પ્રેમિકા પી.આઈ.ની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. કિરણ સિંહના ફાર્મ હાઉસમાં આ કૌભાંડી રોકાયો હતો. ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં મ્ઢ ફાયનાન્સના નામે અલગ અલગ કંપનીઓ બનાવીને ઑફિસો શરુ કરીને રોકાણ પર બમણાં વળતરની લાલચ આપીને રૂપિયા છ હજાર કરોડનું મહાકૌભાંડ આચરનાર ભૂપેન્દ્ર સિંહ ઝાલાને ઝડપી લેવામાં અંતે સીઆઈડી ક્રાઈમને સફળતા મળી છે. ભૂપેન્દ્ર સિંહ ઝાલા છેલ્લાં એક મહિનાથી ફરાર હતો. તેને ઝડપી લેવા માટે પોલીસની અલગ અલગ ટીમને કામગીરી સોંપવામાં આવી હતી. આ દરમિયાન તેને ટેકનિકલ સર્વેઈલન્સને આધારે મહેસાણા જિલ્લાના વિસનગર નજીક આવેલા દવાડા ગામના એક ફાર્મ હાઉસમાંથી ધરપકડ કરાતાં હવે આ કેસમાં અનેક ચોંકાવનારા ખુલાસા થવાની શક્યતા છે.ગુજરાતભરમાં જબરદસ્ત ખળભળાટ મચાવનારા રૂ.૬૦૦૦ કરોડના મ્ઢ ગ્રૂપના કૌભાંડ કેસમાં એક પછી એક ધરપકડનો દૌર ચાલી રહ્યો છે. ભૂપેન્દ્ર સિંહના ભાઈ રણજીતસિંહ અને દરજી સહિતના સાત આરોપીઓની ધરપકડ બાદ હવે મહા કૌભાંડી ભૂપેન્દ્ર સિંહ ઝાલાને શરણ આપનાર કિરણ સિંહ ચૌહાણની ઝ્રૈંડ્ઢ ક્રાઈમે અટકાયત કરી છે.



## તંત્રી સ્થાનેથી..

# બેન્કો સાથે ૬ મહિનામાં ૨૧૨૬૭ કરોડની છેતરપિંડી, ૮૫% કેસ ઈન્ટરનેટ અને કાર્ડ ફ્રોડના

. બેન્ક સાથે છેતરપિંડીઓના કિસ્સાની સંખ્યા એપ્રિલ-સપ્ટેમ્બરના ગાળામાં વધીને ૧૮૪૬૧ થઈ છે અગાઉના વર્ષના સમાન સમયગાળાની સરખામણીએ વર્ષ ૨૦૨૪ના એપ્રિલથી સપ્ટેમ્બર મહિના સુધીમાં બેન્ક ફ્રોડની રકમ આઠ ગણાથી વધીને રૂ.૨૧૩૬૭ કરોડ થઈ છે તેવું રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાનો એક રિપોર્ટ જણાવે છે.આરબીઆઈએ ગુરૂવારે જાહેર કરેલો ટ્રેન્ડ એન્ડ પ્રોગેસ ઓફ બેન્કિંગ ઈન ઈન્ડિયા (ભારતમાં બેંકિંગ ક્ષેત્રે પ્રવાહો અને પ્રગતિ) રિપોર્ટ વર્ષ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ના પ્રથમ ૬ મહિનામાં કમર્શિયલ બેન્કો, સહકારી બેન્કો અને નોન-બેન્કિંગ ફાયનાન્સિયલ ઈન્સ્ટીટયુટન્સના કામકાજને આવરી લેવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૪ના એપ્રિલ-સપ્ટેમ્બર સમયગાળા દરમ્યાન રૂ.૨૧૩૬૭ કરોડ રૂપિયાની રકમને સામેલ કરતા ૧૮૪૬૧ ફ્રોડસ થયા હતો વર્ષ ૨૦૨૩ના એપ્રિલ-સપ્ટેમ્બર સમયગાળા દરમિયાન રૂ.૨૬૨૩ કરોડની રકમને સમાવતા ૧૪૪૮૦ કેસ નોંધાયા હતા.બેન્કો સાથે છેતરપિંડીથી બેન્કિંગ સિસ્ટમની પ્રતિષ્ઠા તથા બેન્કના સંચાલનમાં અને બેન્કોના બિઝનેસમાં જોખમ ઊભું થતું હોય છે અને ગ્રાહકોનો ભરોસો ઘટી જવાથી સમગ્ર તંત્રની સ્થિરતા જોખમમાં મુકાવાની સંભાવના ઊભી થઈ શકે છે.વર્ષ ૨૦૨૩-૨૪ના કુલ રકમની સરખામણીમાં ઈન્ટરનેટ અને કાર્ડ દ્વારાથયેલી છેતરપિંડીનો હિસ્સો રકમની દ્રષ્ટિએ ૪૪.૭ ટકા અને કેસોની સંખ્યાની દ્રષ્ટિએ કુલ સંખ્યામાં ઈન્ટરનેટ અને કાર્ડ દ્વારા થયેલી છેતરપિંડીનો હિસ્સો રકમની દ્રષ્ટિએ ૪૪.૭ ટકા અને કેસોની સંખ્યાની દ્રષ્ટિકુલ સંખ્યામાં ઈન્ટરનેટ અને કાર્ડ ફ્રોડસનો હિસ્સો ૮૫.૩ ટકા હતો.ખાનગી ક્ષેત્રની બેન્કોના ફ્રોડ કેસની સંખ્યાનો હિસ્સો કુલ ફ્રોડ કેસની સંખ્યાનો ૬૭.૧ટકા હતો. આ જ વર્ષમાં કાર્ડ અને ઈન્ટરનેટ ફ્રોડસનો હિસ્સો રકમની દ્રષ્ટિએ સૌથી વધુ સરકારી બેન્કોમાં હતો.વર્ષ ૨૦૨૩-૨૪માં રેગ્યુલેટેડ એન્ટિસી (આરઈ- બેન્ક, વીમા કંપની, વિગેરે) પર દંડની રકમ વિદેશી બેન્ક અને નાની ફાયનાન્સ બેન્કો સિવાય વધી હતી.પેનાલ્ટીની (દંડ)ની કુલ રકમ વર્ષ ૨૦૨૩-૨૪માં બમણાથી વધીને રૂ.૮૬.૧કરોડ થઈ હતી જેમાં જાહેર ક્ષેત્રની અને ખાનગી ક્ષેત્રોની બેન્કો પરનો દંડ વધુ હતું સહકારી બેન્કો પર લગાવેલા દંડ સંખ્યાની દ્રષ્ટિએ વધ્યો હતો પણ રકમની દ્રષ્ટિએ ઘટયો હતો.રેગ્યુલેટેડએન્ટિકસ સાથે જોડાયેલા હોવાનો ખોટો દાવો ડિજીટલ લેન્ડિંગ (એપ મારફત લોન) સંસ્થાઓ વર્ષ ૨૦૨૩-૨૪માં સક્રિય હતી તેવું સંખ્યાબંધ અહેવાલોથી જાણવા મળ્યું છે.

# નવીનતા અને કૃષિને એકસાથે લાવવું: ધાનુકા એગ્રીટેકનો કિસાન દિવસ ૨૦૦ ખેડૂતો અને વિદ્યાર્થીઓને પ્રેરણા આપે છે



ગાંધીનગર, ગુજરાત, ૨૩ ડિસેમ્બર ૨૦૨૪- કિસાન દિવસ નિમિત્તે દેશના ખેડૂતોનું સન્માન કરવા માટે, ધાનુકા એગ્રીટેક લિમિટેડે પલવલ ખાતેના ધાનુકા કૃષિ સંશોધન અને ટેકનોલોજી કેન્દ્ર (ઢછઈ) ખાતે ખેડૂત દિવસ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય જ્ઞાનની વહેંચણીને સરળ બનાવવા અને અગ્રણી વૈજ્ઞાનિકો સાથે ભારતીય કૃષિના ભાવિ અંગે ચર્ચા કરવા માટે આધુનિક ખેતીની તકનીકોમાં આંતરદષ્ટિ પ્રદાન કરવાનો હતો.

આ કાર્યક્રમમાં ખેડૂતોના સશક્તિકરણ અને ટકાઉ કૃષિ પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા માટે ધાનુકાની અતૂટ અને સતત પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવી હતી. તેમાં ખાસ કરીને ઘઉં, શાકભાજી અને સરસવ જેવા રવી પાકો પર કેન્દ્રિત પ્રદર્શન અને તાલીમ સત્રોનો સમાવેશ થાય છે. ખેડૂતોને અદ્યતન તકનીકો શીખવાની અને કૃષિ ક્ષેત્રના નિષ્ણાતો સાથે જોડાવવાની અનન્ય તક હતી.

મુખ્ય અતિથિ શ્રી વિપુલ ગોયલ, મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન મંત્રી, શહેરી સ્થાનિક સંસ્થાઓ અને નાગરિક ઉડ્ડયન, કેબિનેટ મંત્રી, હરિયાણાએ કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું. અતિથિ વિશેષ ડૉ. પી.કે. સિંહ કૃષિ કમિશનર, વિભાગ. કૃષિ અને ખેડૂત કલ્યાણ, સરકાર. ભારતના ખેડૂતોના વિશાળ મેળાવડા અને નવી તકનીકો શીખવાની તેમની ઈચ્છા જોઈને આનંદ થયો. તેમની હાજરીએ ખેડૂતોને નવી અને અદ્યતન ખેતી પદ્ધતિઓથી વાકેફ કરીને કૃષિ સમુદાયને ટેકો આપવા જેવી પહેલોના મહત્વ પર પ્રકાશ પાડ્યો. આ પ્રોગ્રામે પ્રાયોગિક ઉકેલોને પણ પ્રોત્સાહિત કર્યા છે જે કૃષિના વિકાસ અને ટકાઉપણુંમાં ફાળો આપે છે, જે આખરે ખેડૂતો અને વ્યાપક ખેતી ઈકોસિસ્ટમને લાભ આપે છે.

ધાનુકાએ પણ ગુજરાતના ગાંધીનગરમાં આવેલી મહર્ષિઆત્રી તપોવન શાળામાં વિશેષ શૈક્ષણિક કાર્યક્રમનું આયોજન કર્યું હતું, જેમાં ૧૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રવૃતિ ધાનુકાના ચાલુ અભિયાન - "મૈં કિસાન બન્ના ચાહતાહૂં" નું વિસ્તરણ પણ છે. આ ઝુંબેશ યુવા વિદ્યાર્થીઓમાં ખેડૂતોના યોગદાન, ભારતના અર્થતંત્રમાં ખેતીની વિશાળ ભૂમિકા અને કૃષિ પર ટેકનોલોજીની પરિવર્તનકારી અસર વિશે જાગૃતિ લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ ઈવેન્ટનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને તેમના પરંપરાગત મૂળ સાથે પુનઃજોડાવાનો હતો જ્યારે ખેતીની અપાર સંભાવનાઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. એક સમૃદ્ધ કારકિર્દી પાથ.

"અમને આ કાર્યક્રમ માટે ૧૦ ગામો દત્તક લેવાનો અને ૨૦૦ ખેડૂતોને સાથે લાવવાનો આનંદ છે. આ પહેલ માત્ર અદ્યતન ખેતીની તકનીકો શેર કરવા વિશે નથી, તે એક ઉજ્જવળ, વધુ ટકાઉ ભવિષ્ય માટે સમર્થન, જ્ઞાન અને આશા પ્રદાન કરવા વિશે છે. આ ખેડૂતોને સાક્ષી આપવી ખરેખર પ્રેરણાદાયક છે, જેઓ આપણા સમાજની કરોડરજ્જુ છે, નિષ્ણાતો સાથે સંકળાયેલા છે અને નવી પદ્ધતિઓ શીખવાની તેમની ઈચ્છા છે. આ ક્ષણો આપણા કૃષિ સમુદાયમાં નોંધપાત્ર સંભવિતતાને ઉજાગર કરે છે" શ્રી રત્નેશ પાઠકે જણાવ્યું હતું કે, ધનુકા એગ્રીટેકના બ્રાન્ડિંગ અને એડવર્ટાઈઝિંગના વડા વિષયના નિષ્ણાત મયુર અમેટાએ પણ ખેતી અંગેના તેમના અંગત અનુભવો અને આંતરદષ્ટિ શેર કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું કે જ્યારે નવી પેઢી આ ક્ષેત્રમાં જોડાય છે, ત્યારે તેઓ ડ્રોન છંટકાવ અને સેન્સર ફાર્મિંગ જેવી નવી તકનીકો ઉમેરે છે જેથી આ ક્ષેત્રમાં નવી તકનીકી પ્રગતિની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવે છે જે નવી પેઢીઓ દ્વારા વધુ સારી રીતે પ્રાપ્ત કરી શકાય છે.આ કિસાનદિવાસ કાર્યક્રમ ધાનુકા એગ્રીટેકની ગ્રામીણ સમુદાયોના ઉત્થાન અને ખેડૂતોને કૃષિ ઉત્પાદકતા વધારવા માટે જરૂરી જ્ઞાન, સાધનો અને સંસાધનોથી સજ્જ કરવાની મોટી પહેલનો એક ભાગ હતો. ખેડૂતો, વૈજ્ઞાનિકો અને નીતિ ઘડવૈયાઓ વચ્ચેના જોડાણને પ્રોત્સાહન આપીને, આ કાર્યક્રમે ટકાઉ કૃષિ ભવિષ્યના નિર્માણ માટે ધાનુકાના સમર્પણનું નિદર્શન કર્યું. વધુમાં, તેની પહેલોને વધુ વિસ્તારવા માટે ધાનુકા એગ્રીટેક સમગ્ર દેશમાં ૧૪.૫ કરોડથી વધુ ખેડૂતોને સક્રિયપણે તાલીમ આપી રહી છે, જેમાંથી મોટા ભાગની પાસે કેન્દ્રીય સંસ્થાઓ, કૃષિ ટેકનોલોજી એપ્લિકેશન સંશોધન સંસ્થાઓ અને કૃષિવિજ્ઞાન કેન્દ્રો સાથેની ભાગીદારી દ્વારા નાની જમીન છે.

ધાનુકા એગ્રીટેક લિમિટેડ વિશે





ગુજરાત શૈક્ષણિક - સાંસ્કૃતિક મંચ દ્વારા "દસ બાર ચપટીમાં પાર" આ કાર્યક્રમ અંતર્ગત ખેડા જિલ્લાની.......કેળવણી મંડળ સંચાલિત એ. બી. હાઈસ્કૂલ, રામોલ માં ધોરણ -૧૦ ધોરણ- ૧૨ ના વિદ્યાર્થીઓને પરીક્ષા લક્ષી માર્ગદર્શન ત્રણ વક્તાઓ દ્વારા આપવામાં આવ્યું. ડૉ .પ્રદીપસિંહ સિંધા સાહેબે જુદા જુદા વિષયમાં વિષય માં કેવી રીતે ઉતરોને શોર્ટ કી થી યાદ રાખી શકાય તેની ટેક્નિક્સ અંગે જણાવ્યું. ગમ્મત સાથે જ્ઞાન પીરસ્યું હતું. ડૉ. કિરીટભાઈ ચૌહાણ સાહેબશ્રી એ વિદ્યાર્થીઓને વાંચનની રીત પ્રશ્નપત્ર , ઉત્તરો સમય મર્યાદામાં પૂર્ણ કરવા. , રીડિંગ ,રીવ્યુ, રિવિઝન, રિ કોલ નું યાદ રાખવામાં મહત્વ સમજાવ્યું . ડૉ .સંગીતાબેન પટેલ દ્વારા હકારાત્મક વિચારોથી પરીક્ષામાં શું લાભ થઈ શકે છે. તે વિશે વક્તવ્ય આપ્યું હતું. આ કાર્યક્રમને રામોલ હાઈસ્કુલના આચાર્ય સાહેબ શ્રી તથા શિક્ષક મિત્રોનો સહકાર મળ્યો. વિદ્યાર્થીઓને માર્ગદર્શનનો લાભ મળ્યો હતો. આવું ઉમદા કાર્ય કરનાર સર્વ મિત્રોને શુભેચ્છા પાઠવી હતી.

# સાબરકાંઠા કલેક્ટર કચેરી ખાતે સુશાસન દિનની ઉજવણી કરાઈ



ભારતના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપાઈજીના જન્મદિન તા.૨૫ ડિસેમ્બરને સુશાસન દિન તરીકે ઉજવવામા આવે છે. સહિયારા પ્રયાસથી વધુ સુદ્રઢ સેવાઓનો સંકલ્પ સાકાર કરવા તાલીમ અને વ્યવસ્થાઓ વધુ મજબૂત કરવાની રાજ્ય સરકારની નેમ છે. સાબરકાંઠા જિલ્લા કલેકટરશ્રી આ પ્રસંગે જણાવ્યુ હતુ કે,તા.૨૫ ડિસેમ્બર-સુશાસન દિન- સહિયારા પ્રયાસથી વધુ સુદ્રઢ સેવાઓનો સંકલ્પ કરી સૌ અધિકારીઓ કર્મચારીઓ લોક ઉપયોગી અને લુકાભીમુખ અભિગમ સાથે કામ કરે તે ઈચ્છનીય જેના માટે મુખ્યમંત્રીશ્રી આપણને ખૂબ જ સારું માર્ગદર્શન આપ્યું છે આપણે તેમના માર્ગદર્શન મુજબ કામ કરી સુશાસનની નેમ અમલી બનાવીએ.નાગરિકોને કેન્દ્રમાં રાખી વધુ સારી સેવાઓ અને માળખાકિય સુવિધાઓમા ઉમેરો થાય તે મંત્ર સાથે કાર્યરત રાજ્ય સરકાર દ્વારા વિવિધ પ્રકલ્પોની શરુઆત કરવામાં આવશે. રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ૬૦૦ થી વધુ વિવિધ સરકારી યોજનાઓની વિગતો આપતા મારી યોજના પોર્ટલનો પ્રારંભ કરાવ્યો હતો. રાજય સરકારના લોકાભિમુખ અને પારદર્શી વહીવટલક્ષી અભિગમને સાકાર કરતા અનેક વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. સુશાસન પરની ટૂંકી ફિલ્મ દર્શાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિડિયોના માધ્યમથી રાજયભરના જિલ્લાઓ પણ જોડાયા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી (ઇ.ચા) અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી પાટીદાર , પ્રાયોજના વહીવટદાર શ્રી સકસેના, પ્રાંત અધિકારીશ્રીઓ, સહિત વિવિધ કચેરીઓના અધિકારીશ્રીઓ - કર્મયોગીશ્રીઓ આ કાર્યક્રમમા જોડાયા હતા.

# જાયન્ટ્સ હિંમતનગર સહિયર દ્વારા સેવા કાર્ય કરવામા આવ્યુ

અમરદીપ સાર્વજનિક સંચાલિત માનસિક દિવ્યાંગ આશ્રમ ( ફક્ત બહેનો માટે )મા ગ્રુપના કારોબારી સભ્ય મીનાબેન સાધુ તરફથી પુણ્યતિથિ નિમિત્તે ભોજનનુ આયોજન કરવામા આવ્યુ આ ઉપરાંત ભાવનાબેન સોની તરફથી શાલ, ટોપી, સ્વેટર, ધાબળા વગેરેનુ વિતરણ કરવામા આવ્યુ આ કાર્યક્રમમા જાયન્ટ્સ હિંમતનગર સહિયરના પ્રમુખ સોનલબેન મહેતા, ઈલાબેન, ગીતાબેન, મીનાબેન, મંજુલાબેન, કાજલબેન, ભાવનાબેન તથા અન્ય બહેનો હાજર રહ્યા.



# કલ્ચરલ ફોરમની અર્ક વ્યાખ્યાનમાળામાં બી.કે. શિવાનીના 'પ્રસન્નતાના પાસવર્ડ' એ શ્રોતાઓને ભીતરથી ભીંજવ્યા

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા 'અર્ક' વ્યાખ્યાનમાળા અંતર્ગત ભારતના પ્રખર, પ્રેરક અને લોકપ્રિય વક્તા બ્રહ્માકુમારી શિવાની દીદી - બી કે શિવાનીના જાહેર પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. બી.કે. શિવાની દીદીએ 'પ્રસન્નતાનો પાસવર્ડ'- શીર્ષક અંતર્ગત વક્તવ્ય આપ્યું હતું.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલયના આધ્યાત્મિક ગુરુ રાજયોગીની શિવાની દીદી ભારતભરમાં બી.કે. શિવાની તરીકે સુપ્રસિદ્ધ છે. જીવનમૂલ્યો, સેલ્ફ મેનેજમેન્ટ, આંતરિક શક્તિઓનો વિકાસ, સંબંધોનું મૂલ્ય, આત્મ સશક્તિકરણ અને આધ્યાત્મિક મૂલ્યો સાથે શ્રેષ્ઠ જીવન જીવવા માટેના બી.કે. શિવાનીના વિચારોથી સમગ્ર સમાજ સુપરિચિત છે. નવા વર્ષને હવે માત્ર ચાર જ દિવસ નું અંતર છે ત્યારે નૂતન વર્ષના પ્રવાસ માટે પ્રસન્નતાનું ભાથું બાંધવામાં બી.કે. શિવાનીના 'પ્રસન્નતાના પાસવર્ડ' એ શ્રોતાઓને ભીતરથી સમૃદ્ધ કર્યા.

કાર્યક્રમના આરંભે ભારતના પૂર્વ પ્રધાનમંત્રી સ્વ. મનમોહન સિંઘના દુ:ખદ નિધન બદલ શોકની લાગણી વ્યક્ત કરીને ઉપસ્થિત જનમેદનીએ બે મિનિટનું મૌન પાડ્યું હતું. સૌએ દિવંગત આત્માની ચિર શાંતિ માટે પ્રાર્થના કરી હતી. તત્પશ્ચાત શાંતિ પ્રાર્થના સાથે કાર્યક્રમની શરૂઆત થઈ હતી. ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાબેન પટેલ, ગાંધીનગર (ઉત્તર)ના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, પથિકાશ્રમ નીલાયા પરિવારના ડો. ગૌરવભાઈ ચૌધરી, ગાંધીનગર કલ્ચરલ ફોરમના શ્રી સી.એલ. મહેતા અને પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય ગાંધીનગરના આદરણીય બી.કે. કૈલાશ દીદીએ પુષ્પગુચ્છથી વક્તા બી.કે. શિવાનીનું ઉષ્માપૂર્વક સ્વાગત અને અભિવાદન કર્યું હતું.

આંતરરાષ્ટ્રીય આધ્યાત્મિક વક્તા બી.કે.શિવાનીના ઉપદેશો અને તેમના સુચવેલા વિચારોને જીવનમાં ઉતારનારા લોકોની સંખ્યા ઓછી નથી. તેમના





પ્રવચનો હંમેશા લોકોમાં લોકપ્રિય બને છે એટલે જ તો તેમના પ્રવચનો સાંભળવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડે છે, શુક્રવારે બીકે શિવાની દીદી ગાંધીનગરના મહેમાન બન્યા હતાં.

શિવાની દીદીએ પોતાના વ્યાખ્યાનમાં આજના અતિ વ્યસ્ત જીવનમાં એક નવી દિશા પ્રદાન કરવા માટે તનને સ્વસ્થ, મનને શાંત, તણાવમુક્ત તથા જીવનને ખુશીઓથી ભરપૂર, શક્તિશાળી બનાવવા માટે અસરકારક પ્રવચન આપ્યું હતું. શુભ ભાવના, શુભકામના, સકારાત્મકતાથી ભરપૂર જીવન માટે નવા સંકલ્પ સાથે, નવી શરૂઆતથી કેવી રીતે સંબંધોને મધુર બનાવી શકે તેનું માર્ગદર્શન આપ્યું હતું.બીકે શિવાની માણસોની ભાવનાત્મક તકલીફ અને હતાશાને દૂર કરવામાં મદદ કરવા માટે જાણીતા છે. લોકો તેમના વિચારો સાંભળીને પોતાનાં જીવનને હકારાત્મક બનાવે છે. "હું ને અમે દ્વારા બદલવામાં આવે છે ત્યારે બીમારી પણ સ્વાસ્થ્યમાં ફેરવાઈ જાય છે, તમે જે સાંભળો છો તેના પર વિશ્વાસ કરશો નહીં, વાર્તાની હંમેશા ત્રણ બાજુઓ હોય છે તમારું, તેમનું અને સત્ય." શિવાની દીદીએ આવા ઘણા સકારાત્મક વિચારો વ્યક્ત કર્યા હતા.

બે મિનિટનું મેડિટેશન કરાવ્યાં બાદ દીદી એ આવનાર વર્ષને હકારાત્મક રીતે સુધારવાના પ્રયત્નો વિશે વાત કરી હતી. તેમાં તેમણે ફોનની ગુલામી છોડવાની વાત કરતાં જણાવ્યું કે, ભૌતિક સાધનોનો ઉપયોગ કરો પણ તેના ગુલામ ના બનો. સાધનો પાછળ સાધના ના ભૂલશો. મોબાઈલ પાછળ આખો દિવસ કાઢવો એ નોર્મલ નથી, દરેકનું એક એડિક્શન બની ગયું છે. તેના ઉપાય માટે શિવાની દીદી એ મોબાઈલને પહેલાંની જેમ લેન્ડલાઇન તરીકે વાપરવાની સલાહ આપી હતી.

દીદી એ વધુમાં જણાવ્યું હતું કે, કોઈને બદલવા માટે નથી કહેવાનું શરૂઆત પોતાનાથી કરવાની છે. દરરોજ પરિવારે એકબીજા સાથે બેસીને એક સરખી પ્રવૃત્તિ કરવાની છે, જેનાથી પરિવારમાં મનમેળ વધશે.

મોબાઈલની નોટિફિકેશન ઓફ રાખવું. જેની એનર્જી સારી નથી તેવા ફોટો-વીડિયો ને મોબાઈલમાંથી ડીલીટ કરી દો. કરવા માટે કોઈ પ્રવૃત્તિ ના હોય તો મનને જગ્યા આપવા અર્થે ખાલી બેસો. પોતાના માટે દરરોજ ૧૦-૧૫ મિનિટ કાઢો અને મેડિટેશન કરો. કોઈપણ નિર્ણય લેતાં પહેલાં 'આ નિર્ણયથી મારી આંતરિક શક્તિ વધી રહી છે કે નહિ' તે વિચારો, ત્યારબાદ જ નિર્ણય લેવો.

મનની શક્તિ સારી રાખવી હોય તો તમારા અન્નનું ધ્યાન રાખો. અન્ન ખાલી ટેસ્ટ નથી વાઈબ્રેશન પણ છે. ઘરની એનર્જી ને શુદ્ધ રાખવા માટે સારુ બોલવું. ધીમેથી વાત કરવી અને ગુસ્સો ન કરવો. મનની સ્થિતિના જવાબદાર આપણે પોતે જ છીએ, એટલે જે સિદ્ધિ આપણે ઈચ્છીએ છીએ એને આપણી ભાષા બનાવી લઈએ.

સમયનું સમ્માન કરવું તો સમય પણ આપણુ સમ્માન કરશે. મનુષ્યએ પોતાના તન, મન, જન અને ધર્મને સાચવીને રાખવું. યાદ રાખજો ખુશી દુઆ કરાવવાથી જ આવે છે, કોઈપણ ભૌતિક વસ્તુ ખરીદવાથી નહિ. અતિ વ્યસ્ત જીવનમાં એક નવી દિશા પ્રદાન કરવા, તનને સ્વસ્થ, મનને શાંત, તણાવમુક્ત કરવા તથા જીવનને ખુશીઓથી ભરપૂર, શક્તિશાળી બનાવવા. નવા વર્ષને નવા સંકલ્પ સાથે નવી શરૂઆતની શુભ ભાવના, શુભકામના, સકારાત્મકતાથી ભરપૂર કરવા આ શિબિર યોજાઈ હતી.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું